કીટકશાસ્ત્ર વિભાગ

બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ

# ચણામાં પોપટા કોરી ખાનાર ઇયળનું સંકલિત વ્યવસ્થાપન અંર્તગત "ખેડૂત દિન"ની ઉજવણી

---

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહવિદ્યાલય, આકૃયુ, આણંદ ખાતે ચાલતી સંકલિત જીવાત વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ યોજના અંતર્ગત ચણાના પાકમાં નિદર્શન ગોઠવવામાં આવેલ છે જેના ભાગ રૂપે તા. ૦૨-૦૨-૨૦૧૭ ના રોજ નાની ખરસોલી, તા. કડાણા, જી. મહીસાગર ખાતે ખેડૂત દિનનું આયોજન કરવામાં આવેલ. જેમાં નાની ખરસોલી અને તેની આજુબાજુના ગામના ૧૦૮૪ ખેડૂત ભાઇઓ તેમજ બહેનોએ ભાગ લીધેલ હતો. જેમાં ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ સભાના ઉદ્દઘાટક અને અધ્યક્ષ તથા ડૉ. કે. પી. પટેલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં નાની ખરસોલી પ્રાથમિક શાળાની બાલિકાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરેલ. માન. ડૉ. કે. બી. કથીરીયા, ઉદઘાટક અને અધ્યક્ષશ્રીએ દિપ પ્રાગટ્ય કરી સભાની શરુઆત કરાવેલ જેમાં મંચસ્થ મહાનુંભાવો અને પ્રગતિશીલ ખેડૂતો જોડાયા. ડૉ. પી. કે. બોરડ, પ્રાધ્યાપક અને વડાએ આમંત્રિત સર્વેને શબ્દોથી આવકાર્યા તથા સંકલિત જીવાત વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ યોજના હેઠળ ચાલતી વિવિધ પ્રવૃતિઓની વિગતવાર માહીતી આપી. પ્રગતિશીલ ખેડૂતો દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. પ્રાધ્યાપક, ડૉ. ટી. એમ. ભરપોડાએ પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી રસાયણમુકત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય તે અંગેની માહીતી આપેલ. આ પ્રસંગે કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા તૈયાર કરેલ "ચણામાં પોપટા કોરી ખાનાર લીલી ઇયળ અને તેનું સંકલિત વ્યવસ્થાપન" અંગેના ફોલ્ડરનું વિમોચન અધ્યક્ષશ્રીના હસ્તે કરવામાં આવેલ જેમાં મંચ પર ઉપસ્થિત મહાનુભાવો પણ જોડાયા.

ડૉ. કે. પી. પટેલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષે અતિથી વિશેષ પદેથી ઉદ્દબોધન કરતા જણાવેલ કે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિવિધ તાલીમ યોજનાઓ ખેડૂતોના હિતાર્થે ચલાવવામાં આવે છે તેનો શક્ય હોય તેટલો લાભ લેવો જોઇએ. ખેડૂત મિત્રો આ તાલીમનો સંપૂર્ણપણે ઉપયોગ કરી તેમની ખેતીને ખૂબ આગળ ધપાવે તેવી આશા પણ વ્યક્ત કરી. અધ્યક્ષ સ્થાનેથી ડૉ. કી. બી. કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષે તેમનાં ઉદબોધનમાં પાકોની નવી સુધારેલી જાતો અને સંકર બિયારણ અંગે માહિતી આપી. પશુપાલન ક્ષેત્રે મહીલાઓના યોગદાનને

બિરદાવ્યું અને મહીલાઓને પણ પશુપાલન અંગે તાલીમ આપવા અંગે ભલામણ કરી અને આ અંતરિયાળ વિસ્તારમાં આવા વિશાળ ખેડૂત દિનનું આયોજન કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવેલ.

આ વિસ્તારમાં થતા વિવિધ પાકોને અનુલક્ષીને આણંદ કૃષિ યુનિવર્સિટીનાં વિષય નિષ્ણાંતોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડો. એન. આઇ. શાહ, પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, ડૉ. વી. પી. રામાણી, સંશોધન વૈજ્ઞાનિક, સૂક્ષ્મતત્વ યોજના; ડો. બી. ડી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, નીંદણ નિયંત્રણ યોજના; ડૉ. જી. જે. પટેલ, પ્રાધ્યાપક, આદિવાસી સંશોધન-વ-તાલિમ કેન્દ્ર; શ્રી પિનાકીન પરમાર, મદદ. સંશોધન વૈજ્ઞાનિક, ગોધરા; ડો. ડી. સી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક; ડો. એન. એમ. ગોહેલ, મદદનિશ સંશોધન વૈજ્ઞાનિક હાજર રહેલ અને તેમના બહોળા અનુભવનો લાભ ખેડૂત મિત્રોને આપેલ. ઉપસ્થિત ખેડૂત આલમમાંથી પૂછવામાં આવેલ તાંત્રિક પશ્નોનાં વૈજ્ઞાનિકો દ્વારા વિસ્તારપૂર્વક સમજ આપી નિરાકરણ કરવામાં આવેલ. કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા આ વિસ્તારમાં થતા પાકના જીવાત/રોગના સંકલિત વ્યવસ્થાપ અંગેના ચાર્ટ પણ પ્રદશિત કરવામાં આવેલ.

કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી રમેશભાઇ સેવક, આચાર્યશ્રી, હરસિધ્ધિ હાઇસ્કુલ અને ગામના યુવા સરપંચશ્રી, શ્રી બળવંતભાઇ ડામોરે કાર્યક્રમના અધ્યક્ષશ્રી તથા અતિથી વિશેષશ્રીનું સાલ ઓઢાડી બહુમાન કરેલ અને “ભારતનું બંધારણ” નામનું પુસ્તક અધ્યક્ષશ્રીને અર્પણ કરેલ. પ્રગતિશીલ ખેડૂતોમાં શ્રી પ્રેમશંકર સેવક, શ્રી સોમાભાઇ પટેલ, શ્રી અભેસિંહ ધોરી, અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય સમિતિ, કડાણા તાલુકા પંચાયત; શ્રી પરસોતમભાઇ પટેલ, શ્રી પરાગભાઇ વણકર, શ્રી કાળુભાઇ પટેલ અને શ્રી જયેન્દ્રસિંહ રાઠોડે ભારે જહેમત ઉઠાવી હતી. કીટકશાસ્ત્ર વિભાગની કુ. મિરલ સુથાર, મિનાક્ષી લુણાગરીયા અને શ્રી સાવન સેવક તથા વિભાગમાં ફરજ બજાવતા અનુસ્નાતક વિદ્યાર્થીઓનો સહયોગ સરાહનીય રહેલ જેના થકી આ કાર્યક્રમને અભુતપૂર્વક સફળતા મળેલ.

આ કાર્યક્રમનું દુરદર્શન અને ઓલ ઇન્ડિયા રેડીયો દ્વારા રેકોર્ડીંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડો. આર. કે. ઠુમર, મદદનિશ પ્રાધ્યાપક તથા આભાર દર્શન ડૉ. સી. બી. ધોબી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

**(પી. કે. બોરડ)**

પ્રાધ્યાપક અને વડા








ખેડૂત દિન
: આયોજક :
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ






ખેડૂત દિન
: આયોજક :


ખેડૂત દિન

ખેડૂત દિન

ચણાનાં પાકમાં લીલી ઈયળનું સંકલિત વ્યવસ્થાપન
ખેડૂત દિન
: આયોજક :
કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

ખેડૂત દિન

ખેડૂત દિન

ખેડૂત દિન




ખેડૂત દિન


ખેડૂત દિન




ખેડૂત દિન






ચણાનાં પાકમાં લીલી ઈયળનું સંકલિત વ્યવસ્થા
ખેડૂત દિન
: આયોજક :
કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યા
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
તારીખ: ૦૨/૦૨/૨૦૧૭, ગુરૂવાર
ખરસોલી હાઈસ્કુલ, નાની ખરસોલી, તા.: કડાણા, : મહીસાગર

